# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૨૧/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'સ્કાયરોકેટ યોર સેલ્સ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૦ મે ૨૦૨૧ના રોજ 'સ્કાયરોકેટ યોર સેલ્સ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે નવી દિલ્હીના બિઝનેસ કોચિંગ ઇન્ડિયા એલ.એલ.પી.ના ફાઉન્ડર ડાયરેકટર રાહુલ જૈને ઉદ્યોગ સાહસિકો તેમજ વેપારીઓને છ મહિનાની અંદર ૫૦ ટકા વધુ સારું પરિણામ કેવી રીતે લાવી શકાય છે? તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

રાહુલ જૈને જણાવ્યું હતું કે, બિઝનેસમેન જ્યારે બિઝનેસની શરૂઆત કરે છે ત્યારે પોતે માર્કેટમાં જઇને ગ્રાહકોનો સંપર્ક કરે છે અને બિઝનેસને ડેવલપ કરવા માટે પોતે મહેનત કરે છે. તે સમયે તેમનો બિઝનેસ રોકેટ ગતિથી ઉપર જાય છે, પરંતુ જેમ જેમ વર્ષો વિતતા જાય બિઝનેસમેન ગ્રાહકોના રૂબરૂ સંપર્કથી દુર થતો જાય છે. આથી બિઝનેસમેને રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્કથી પણ તેઓની સાથે સંપર્કમાં રહેવું પડશે તેમ જણાવ્યું હતું. તેમણે પેસીવ ઇન્કમ અને પર્સનલ વેલ્થ ક્રિએશન વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે વેપારીઓને પોતાની પ્રોડકટનું સેલ્સ વધારવા માટે બે – ચાર વર્ષ પહેલાના ગ્રાહકોનો ફરીથી સંપર્ક સાધવા માટે જણાવ્યું હતું. તેમાં એવા ગ્રાહકો પણ હોઇ શકે કે જેમની સાથે માથાકુટ થઇ હોય અને પછી તેઓની સાથે વેપાર – ધંધો બંધ થઇ ગયો હોય. તેમણે આવા ગ્રાહકોનો પણ ફરીથી સંપર્ક સાધવા માટે જણાવ્યું હતું અને કોઇ કારણસર થયેલી ભૂલ અંગે રૂબરૂ જઇને માફી માગીને તેઓની સાથે ફરીથી વેપાર કરવાની સલાહ આપી હતી. તેમણે કહયું કે, લોકો રૂપિયા તો કમાઇ લે છે પણ તેને સંભાળી શકતા નથી. જેથી કરીને મુશ્કેલીના સમયમાં તેઓની પાસે રૂપિયા હોતા નથી. નફા સિવાય બિઝનેસમાંથી પેસીવ ઇન્કમ કેવી રીતે મેળવી શકાય? તે વિશે તેમણે ગણિતના વિવિધ દાખલ આપીને સમજણ આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. અંતે ચેમ્બરની ઇનોવેશન – સ્ટાર્ટ અપ કમિટીના કો–ચેરમેન કુંતેશ રાદડિયાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.